# 1 સ્તંભ-આલેખ (Bar Graph)

◆ **નવું શીખીએ :**

**પ્રવૃત્તિ 1 :**

- તમારા શિક્ષક દ્વારા શિક્ષક-આવૃત્તિમાં આપેલ પ્રવૃત્તિ કરવાની મજા પડી ? ચાલો, તેના જેવી બીજી પ્રવૃત્તિ કરીએ. વિદ્યાર્થીમિત્રો, તમે સ્કૂલબૅગમાં રાખેલી, નીચેના કોષ્ટકમાં દર્શાવેલી વસ્તુઓની સંખ્યા મુજબ યાદી બનાવો અને ચિહ્નરૂપે કોષ્ટકમાં નોંધ કરો :

  દા.ત., મારી સ્કૂલબૅગમાં બે પેન છે, તો પેનના ખાનામાં બે ■ કરવા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ■<br>■ | | | | | |
| **પેન** | **પાઠ્યપુસ્તક** | **કંપાસ** | **પેન્સિલ** | **નોટબુક** | **સ્વાધ્યાયપોથી** |

**પ્રવૃત્તિ 2 :**

વિદ્યાર્થીમિત્રો, તમે સુંદર રીતે ઉપર મુજબની પ્રવૃત્તિ કરી. હવે, તમે તમારાં કુટુંબીજનોની માહિતી નીચેના કોષ્ટકમાં પૂરો. આ માટે તમે રંગોનો ઉપયોગ કરો. સભ્ય દીઠ દરેક ખાનામાં રંગ પૂરો.




| રંગ → | લાલ | લીલો | ભૂરો | નારંગી | વાદળી | પીળો |
|---|---|---|---|---|---|---|
| 5 | | | | | | |
| 4 | | | | | | |
| 3 | | | | | | |
| 2 | | | | | | |
| 1 | | | | | | |
| સભ્ય સંખ્યા ↑ | ભાઈ | બહેન | કાકા | ફોઈ | મામા | માસી |

### પ્રવૃત્તિ 3 :

વિદ્યાર્થીમિત્રો, નીચે પ્રાણીઓના જીવનકાળના આશરે વર્ષ આપેલ છે, કોષ્ટકમાં બતાવ્યા પ્રમાણે જુદા જુદા રંગ પૂરો :

**પ્રાણીઓના જીવનકાળ (વર્ષમાં) :**

| | | |
|---|---|---|
| બિલાડી | ➤ | 10 |
| કૂતરું | ➤ | 8 |
| સસલું | ➤ | 6 |
| વાંદરો | ➤ | 12 |

| રંગ | લાલ | લીલો | ભૂરો | નારંગી |
|---|---|---|---|---|
| 14 | | | | |
| 13 | | | | |
| 12 | | | | |
| 11 | | | | |
| 10 | | | | |
| 9 | | | | |
| 8 | | | | |
| 7 | | | | |
| 6 | | | | |
| 5 | | | | |
| 4 | | | | |
| 3 | | | | |
| 2 | | | | |
| 1 | | | | |
| પ્રાણી |  |  |  |  |

### સ્તંભ-આલેખ (Bar Graph) :


અંકો કરતાં ચિત્રો દ્વારા માહિતી સહેલાઈથી સમજી શકાય છે. પરંતુ દરેક માહિતીની ચિત્રાત્મક રજૂઆત કરવામાં ઘણો સમય જાય. ચિત્રના બદલે આ જ માહિતી બીજી રીતે પણ દર્શાવી શકાય છે. આપેલ માહિતી મુજબ એકસરખી પહોળાઈવાળા, ઊભા ચોરસ કે લંબચોરસ સ્તંભ દોરી શકાય. આવા સ્તંભ વડે દર્શાવાતા આલેખને **સ્તંભ-આલેખ** કહે છે.

## આલેખપત્ર (Graph paper) :

આલેખપત્રમાં આડી અને ઊભી રેખાઓ પરસ્પર કાટખૂણે દોરેલી હોય છે, જેમની વચ્ચેનું અંતર સરખું હોય છે. આલેખપત્રમાં અમુક લીટીઓ ઘાટા રંગની અને અમુક લીટીઓ આછા રંગની હોય છે. આ ઘાટા રંગની બે ક્રમિક લીટીઓ વચ્ચેનું અંતર 1 સેમી હોય છે. 1 સેમીના પાંચ કે દસ સરખા ભાગ કરેલા હોય છે. આપણે 1 સેમીના પાંચ સરખા ભાગ કરેલા આલેખનો જ ઉપયોગ કરીશું.

**નીચેના આલેખપત્રનો અભ્યાસ કરો :**

**આલેખનું શીર્ષક : સરકારી પ્રાથમિક શાળાની તા. 1-4-2012ની ધોરણ 5 થી 8 ના વિદ્યાર્થીઓની હાજર સંખ્યા**




આલેખ 1

**સ્તંભ-આલેખના ફાયદા :**

- માહિતીની રજૂઆત ટૂંકી હોય છે.
- માહિતી લાંબા સમય સુધી યાદ રહે છે.
- માહિતી વચ્ચેની તુલના સરળ બને છે.
- માહિતી સરળતાથી અને જલદીથી સમજી શકાય છે.
- એક કરતાં વધારે બાબતોની માહિતી એકસાથે મેળવી શકાય છે.

**ઉપયોગ :**

વર્તમાનપત્રો, સામયિકો તથા ટેલિવિઝન દ્વારા જન્મદર, મૃત્યુદર, ઠંડી, ગરમી, વરસાદ, સાક્ષરતાનું પ્રમાણ, ઔદ્યોગિક ઉત્પાદન, પાકનું ઉત્પાદન, ક્રિકેટ મૅચ, દેશની આયાત-નિકાસની સ્થિતિ, શૈક્ષણિક પરિણામો અને તેનો સિદ્ધિ-આંક વગેરે સંબંધિત માહિતી દર્શાવવામાં સ્તંભ-આલેખનો ઉપયોગ થાય છે.

**પ્રમાણમાપ (Scale) :** 1 સેમી લંબાઈ / પહોળાઈ માટે નક્કી કરવામાં આવતા માહિતીના માપને પ્રમાણમાપ કહે છે. દા.ત., આલેખ-1માં 1 સેમી લંબાઈ = હાજર વિદ્યાર્થીની સંખ્યા 5 એ Y-અક્ષ પરનું પ્રમાણમાપ છે.

**પ્રવૃત્તિ 4 :**

વિદ્યાર્થીમિત્રો, તમે જે પ્રવૃત્તિ કરી (પ્રવૃત્તિ 2 અને 3), તે રીતે હવે ભારતના ક્રિકેટરના રનની માહિતી આપેલ રંગોનો ઉપયોગ કરીને ભરો.

| ક્રિકેટર | સચિન | સેહવાગ | રૈના | ધોની | ગંભીર |
|---|---|---|---|---|---|
| રન | 35 | 30 | 20 | 25 | 15 |

અહીં વધુમાં વધુ 35 રન છે.

**પ્રમાણમાપ : 1 ખાનું = 5 રન**

એમ, અહીં 5 રન એટલે એક ☐ ખાનામાં રંગ પૂરવો.

| રન ↓ | લાલ | લીલો | ભૂરો | નારંગી | વાદળી |
|---|---|---|---|---|---|
| 35 | | | | | |
| 30 | | | | | |
| 25 | | | | | |
| 20 | | | | | |
| 15 | | | | | |
| 10 | | | | | |
| 5 | | | | | |
| ક્રિકેટર → | સચિન | સેહવાગ | રૈના | ધોની | ગંભીર |

**પ્રવૃત્તિ 5 :**

| વૃક્ષનું નામ | વૃક્ષની સંખ્યા |
|---|---|
| લીમડો | |
| આસોપાલવ | |
| વડ | |
| બાવળ | |
| પીપળ | |

વિદ્યાર્થીમિત્રો, આપણી શાળાના મેદાનમાં અથવા તો તેની આસપાસ આવેલા વિસ્તારમાંથી નીચેનાં વૃક્ષોની સંખ્યાની યાદી બનાવો :

લીમડો, આસોપાલવ, વડ, બાવળ, પીપળ

**પ્રમાણમાપ :** 2 વૃક્ષ = 1 ખાનું.

અહીં 2 વૃક્ષ માટે આખા ખાનામાં રંગ પૂરો.

▬ = 2 વૃક્ષ

હવે, વૃક્ષની ગણતરી કરતાં **એકી સંખ્યા** મળે એવું પણ બને, ત્યારે શું કરીશું ?


અહીં પ્રમાણમાપ : 2 વૃક્ષ = 1 ખાનું છે.

તેથી 1 વૃક્ષ = $\frac{1}{2}$ ખાનું લેવું પડશે. તેથી 1 વૃક્ષ = અડધા ખાનામાં રંગ પૂરો.

▬ = 1 વૃક્ષ

ધારો કે આપણી શાળાના મેદાનમાં અથવા તો આસપાસના વિસ્તારમાં લીમડાનાં વૃક્ષોની સંખ્યા 9 મળે, તો 2 વૃક્ષ = 1 ખાનું એટલે કે 8 વૃક્ષ માટે 4 ખાનાં અને 1 વૃક્ષ માટે અડધું ખાનું લેવાશે. આથી, 9 વૃક્ષ દર્શાવવા માટે 4 આખા ખાનાં તથા 1 અડધું ખાનું લેવું.

| સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|
| 18 | | | | | |
| 16 | | | | | |
| 14 | | | | | |
| 12 | | | | | |
| 10 | | | | | |
| 8 | | | | | |
| 6 | | | | | |
| 4 | | | | | |
| 2 | | | | | |
| 1 | | | | | |
| વૃક્ષનાં નામ | લીમડો | પીપળો | વડલો | બાવળ | પીપળ |




**ચાલો સમજીએ :**

- આલેખપત્ર પર દોરેલી આડી રેખાને X-અક્ષ (X ધરી) કહે છે.
- આલેખપત્ર પર દોરેલી ઊભી રેખાને Y-અક્ષ (Y ધરી) કહે છે.
- બે કે તેથી વધુ માહિતીની સરખામણી માટે 'સ્તંભ-આલેખ' દોરવામાં આવે છે.
- પ્રત્યેક આલેખને યોગ્ય શીર્ષક આપવામાં આવે છે.
- પ્રત્યેક માહિતી દીઠ એક સ્તંભ (ઊભો લંબચોરસ) X-અક્ષ પર દોરવામાં આવે છે.
- બધા સ્તંભની પહોળાઈ એકસરખી રાખવામાં આવે છે. પરંતુ તેમની ઊંચાઈનો આધાર માહિતીના આંકડાઓના મૂલ્ય પર રહે છે. જો આ મૂલ્ય વધુ તો સ્તંભની ઊંચાઈ વધુ, જો મૂલ્ય ઓછું તો સ્તંભની ઊંચાઈ ઓછી.
- પાસપાસેના બે સ્તંભ વચ્ચેનું અંતર સામાન્ય રીતે એકસરખું રાખવામાં આવે છે. તેથી X-અક્ષ પર પ્રમાણમાપ લેવાની જરૂર નથી. પરંતુ Y-અક્ષ પર પ્રમાણમાપ લેવું પડે.
- આલેખપત્રની મર્યાદાને ધ્યાનમાં રાખીને પ્રમાણમાપ નક્કી કરવામાં આવે છે. દરેક વખતે પ્રમાણમાપ જરૂર મુજબ લઈ શકાય છે.
- સામાન્ય રીતે X-અક્ષ પર ગુણાત્મક માહિતીની વિગતો દર્શાવવાની હોય છે, જ્યારે Y-અક્ષ પર સંખ્યાત્મક માહિતી દર્શાવવાની હોય છે.

**ઉદાહરણ 1 :** પાંચ શહેરોમાં પડેલા જુલાઈ માસના એક અઠવાડિયાનો વરસાદની માહિતી આલેખપત્રમાં આપી છે; તેના આધારે આપેલાં પ્રશ્નોના જવાબ લખો.

**પાંચ શહેરોનો જુલાઈ માસનો એક અઠવાડિયાનો વરસાદ**




આલેખ 2

**પ્રશ્નો :**

(1) આપેલ આલેખ કઈ માહિતી પૂરી પાડે છે ?

(2) X-અક્ષ પર શું દર્શાવેલ છે ?

(3) Y-અક્ષ પર શું દર્શાવેલ છે ?

(4) પ્રમાણમાપ કેટલું રાખેલ છે ?

(5) કયા શહેરમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે ?

(6) ભૂજ શહેરમાં કેટલા સેમી વરસાદ પડ્યો છે ?

(7) સૌથી ઓછો વરસાદ ક્યાં પડ્યો છે ?

**ઉકેલ :**

(1) આપેલ આલેખ પાંચ શહેરોમાં જુલાઈ માસમાં એક અઠવાડિયામાં પડેલો કુલ વરસાદ દર્શાવે છે.

(2) X-અક્ષ પર શહેરોના નામ દર્શાવેલ છે.

(3) Y-અક્ષ પર પડેલો વરસાદ (સેમીમાં) દર્શાવ્યો છે.

(4) પ્રમાણમાપ 1 સેમી = 5 સેમી વરસાદ રાખેલ છે.

(5) વડોદરા શહેરમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે.

(6) ભૂજ શહેરમાં 30 સેમી વરસાદ પડ્યો છે.

(7) ડીસામાં સૌથી ઓછો વરસાદ પડ્યો છે.

**જાતે કરો :** યોગ્ય પ્રમાણમાપ લઈ આપેલા આલેખપત્રમાં નીચેની માહિતી દર્શાવતો સ્તંભ-આલેખ દોરો.

| ધોરણ | 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|---|
| હાજર વિદ્યાર્થીઓની સંખ્યા | | | | | |

ધોરણ 6ના વિદ્યાર્થીઓના પાંચ જૂથ બનાવી તેમને તમારી શાળાના આજના દિવસની ધોરણ 1થી 5ના હાજર વિદ્યાર્થીઓની સંખ્યા લાવવા કહો અને ઉપરના ખાનામાં દર્શાવવા જણાવો.

**આલેખપત્ર તૈયાર કરવા માટેની સૂચના :**

(1) આલેખપત્ર X-અક્ષ (આડી રેખા) અને તેને કાટખૂણે Y-અક્ષ (ઊભી રેખા) દોરો. તેના છેદબિંદુ (ઊગમબિંદુ)ને O નામ આપો.

(2) X-અક્ષ પર 'ધોરણ' દર્શાવો.

(3) Y-અક્ષ પર 'વિદ્યાર્થીઓની સંખ્યા' દર્શાવો.

(4) વધુમાં વધુ 60 વિદ્યાર્થીઓ Y-અક્ષ પર દર્શાવવાના હોવાથી 1 સેમી = 5 વિદ્યાર્થીનું પ્રમાણમાપ લો. Y-અક્ષ પર 0 થી શરૂ કરી 5, 10, 15, 20, ..., 60 સુધી પ્રત્યેક સેમીના અંતરે લખો.

(5) X-અક્ષ પર 1 સેમી છોડીને 5 ખાનાની (1 સેમી) પહોળાઈવાળો પહેલો સ્તંભ દોરો. આ જ રીતે બાકીના સ્તંભ દોરો. બધા સ્તંભ વચ્ચે સમાન અંતર રાખો.

(6) આલેખપત્રની ઉપર આલેખપત્રમાં કઈ બાબત દર્શાવવામાં આવી છે. તેનું શીર્ષક અને પ્રમાણમાપ લખો.

## સ્વાધ્યાય 1


**1.** આપેલ ચિત્રના આધારે સ્તંભ-આલેખ તૈયાર કરો :



| વાહનનું નામ | બસ | સ્કૂટર | સાઈકલ | રિક્ષા | મોટરકાર |
|---|---|---|---|---|---|
| સંખ્યા | | | | | |

**2.** નીચે આપેલા સ્તંભ-આલેખ પરથી પ્રશ્નોના જવાબ આપો :

### રામજીભાઈના ખેતરમાં પાકેલા પાકની વિગત




**પ્રશ્નો :**

(1) X-અક્ષ પર કઈ માહિતી દર્શાવેલી છે ?

(2) Y-અક્ષ પર કઈ માહિતી દર્શાવેલી છે ?

(3) ઘઉંનું ઉત્પાદન કેટલું થયું છે ?

(4) સૌથી વધુ ઉત્પાદન કયા પાકનું થયું છે ?

(5) સૌથી ઓછું ઉત્પાદન કયા પાકનું થયું છે ?

**3.** આપેલ માહિતીના આધારે કોષ્ટક પૂર્ણ કરી સ્તંભ-આલેખ તૈયાર કરો :

| રાષ્ટ્રપતિ | ડૉ. રાજેન્દ્રપ્રસાદ | ડૉ. એસ. રાધાક્રિશ્નન | ડૉ. ઝાકિર હુસૈન | વી. વી. ગીરી | ફકરુદ્દીન અલીઅહેમદ |
|---|---|---|---|---|---|
| કાર્યકાળ | 1950-1962 | 1962-1967 | 1967-1969 | 1969-1974 | 1974-1977 |
| કુલ વર્ષ | | | | | |

**4.** માહિતી એકત્ર કરી તેના આધારે સ્તંભ-આલેખ તૈયાર કરો :

| વાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| તમારી શાળામાં ધોરણ 6 અને 7માં હાજર રહેલ વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | | | | | | |

**5.** નીચેની માહિતીના આધારે સ્તંભ-આલેખ તૈયાર કરો :

| પાક | ઘઉં | બાજરી | મકાઈ | ડાંગર | મગફળી |
|---|---|---|---|---|---|
| ઊંચાઈ | 50 સેમી | 150 સેમી | 160 સેમી | 40 સેમી | 20 સેમી |

**6.** નીચે આપેલા કોષ્ટકમાં તમે તમારા પાંચ મિત્રોની ઊંચાઈ માપીને નોંધો અને તેના આધારે સ્તંભ-આલેખ દોરો :

| મિત્રનું નામ | | | | | |
|---|---|---|---|---|---|
| ઊંચાઈ (સેમીમાં) | | | | | |